
# આંતરસૂઝ દ્વારા અધ્યયન



# સમગ્રતાવાદ/સંયોજનવાદ **(Gestalt Theory)**

- ઉ-પ્ર દ્વારા અધ્યયનનો અસ્વીકાર
- **Gestalt** જર્મન શબ્દ. જેનો અર્થ "સમગ્ર"
- તેમના મતે.....સમસ્યાપેટીમાં પ્રાણીને પરિસ્થિતિની સમગ્રતાનો ખ્યાલ નહીં હોવાથી તે ફાંફા મારે છે - આંધળુકીયા પ્રયત્નો કરે છે. જેથી અનેક ભૂલો કરે છે. ઉકેલ આકસ્મિક મળે છે.


પરંતુ...જો પ્રાણીને પરિસ્થિતિની સમગ્રતાનો ખ્યાલ હોય તો તે તેના વિવિધ અંગો વચ્ચેનો સંબંધ જોઇ શકે અને ત્વરિત રીતે આંતરસૂઝ દ્વારા સમસ્યાનો ઉકેલ લાવી શકે.

• આ વાદ પ્રમાણે શીખવામાં પ્રત્યક્ષીકરણનો, આંતરસૂઝનો અને અર્થઘટનનો ફાળો મહત્ત્વનો છે.


- સમગ્રતાવાદ પ્રમાણે આખી વસ્તુ એ એના ભાગોના સરવાળા કરતાં કંઇક વધુ છે.

-મકાન એ ઈંટ, ચૂનો અને સિમેન્ટનો સરવાળો માત્ર નથી. એ સૌના વિશિષ્ટ સંયોજનથી બને છે.


આમ, આ વાદ વસ્તુના સંયોજન અને સ્વરૂપ પર ભાર મૂકે છે.




અહીં બિંદુઓની ગોઠવણી વિશિષ્ટ રીતે થઇ નથી, છતાં આપણે અને ચાર ચારના સમૂહમાં જોવાનો પ્રયત્ન કરીએ છીએ. આમ દરેક ચાર બિંદુઓનો સમૂહ એક એકમ તરીકે આપણી સમક્ષ પ્રત્યક્ષીકરણ પામે છે



ખરેખર તો આ ચિત્રમાં માણસના અનેક અવયવ ખૂટે છે.
આંખ, કાન, નાક જેવા ઘટકો દેખાતા નથી. છતાં આપણે માત્ર ઘટકોને જ નહીં, પરંતુ સમગ્રને જોવા ટેવાયેલા છીએ. જેથી માનવીનો અર્થબોધ તારવવામાં કોઇ મુશ્કેલી પડતી નથી.



આ આકૃતિમાં પ્રથમ નજરે આપણને ચોરસ દેખાય છે. દરેક બિંદુનું અલગ અસ્તિત્વ આપણે સ્વીકારતા નથી. જો એક બિંદુને ચોરસના ઘટક તરીકે જોવું હોય તો આપણે વિશિષ્ટ પ્રયત્ન કરવો પડે.



આપણે દૂરથી ઝાડને જોઇએ છીએ, એનાં પાન, ડાળી કે થડને નહીં.


# આંતરસૂઝ દ્વારા અધ્યયન

- વોલ્ફગેન્ગ કોહલર
- અન્ય જર્મન વિજ્ઞાનીઓ – કોફ્કા, વર્ધીમેર
- The Mentality of Apes અને Gestalt Psychology પુસ્તકો અને ચિમ્પાન્ઝી પરના પ્રયોગને કારણે પ્રખ્યાત



# કોહલરના ચિમ્પાન્ઝી પરના પ્રયોગો

- ચિમ્પાન્ઝીના નામ
  - Konsul
  - Grande
  - Sultona
  - Chica



# પ્રયોગ : ૧ – ૨



- ભૂખયા ચિમ્પાન્ઝીને એક પાંજરામાં
- પાંજરાની છત પર લટકાવેલ કેળું
- પાંજરાના ખૂણામાં એક ખોખું

(પાંજરામાં પૂરતાં પહેલાં ખોખા પર
કેવી રીતે ઊભું રહેવું તે શીખવાડેલ)

- એક જ પ્રયત્ને ખોખા પર ઊભા રહીને કેળું મેળવે છે.
- પ્રયોગ ૨ : બે ખોખા

# પ્રયોગ : ૩



- ત્રણ ખોખા

# પ્રયોગ : ૪



- પાંજરામાં ભૂખ્યો ચિમ્પાન્ઝી
- પાંજરાની બહાર કેળાં
- પાંજરામાં લાકડી
- ચિમ્પાન્ઝીએ લાકડીની મદદ વડે કેળાં મેળવ્યાં

(ચિમ્પાન્ઝીને લાકડી વડે કેળાં ખેંચવાનો અનુભવ આપ્યો હતો.)

# પ્રયોગ : ૫



- પાંજરામાં ભૂખ્યો ચિમ્પાન્ઝી
- પાંજરાની બહાર કેળાં
- પાંજરામાં બે ટૂંકી લાકડી
- એક લાકડી કેળાં સુધી પહોંચે નહીં
- ચિમ્પન્ઝીએ કેળાં ખેંચવાનો પ્રયત્ન કર્યો, પણ નિષ્ફળ
- પ્રયત્ન છોડીને, પાંજરામાં બેઠો, ફરવા લાગ્યો, લાકડીઓ રમવા લાગ્યો
- બે લાકડીઓ અચાનક એકબીજામાં જોડાઇ ગઈ
- અચાનક તેના મનમાં ઝબકારો
- ચિમ્પાન્ઝીએ લાકડીની મદદ વડે કેળાં મેળવ્યાં

(ચિમ્પાન્ઝીને એક લાકડીમાં બીજી લાકડી ભરાવવાનો અનુભવ આપ્યો હતો.)

# આંતરસૂઝ એટલે શું ?

- પરિસ્થિતિમાં રહેલો ગાળો (gap)નિહાળવો.
- મનમાં થતો ઉકેલનો ઝબકારો
- સાધ્ય અને સાધન વચ્ચેનો સંબંધ જોવો
- સપાટી નીચે ડોકીયું કરવું

વ્યાખ્યા : આંતરસૂઝ એટલે પરિસ્થિતિનાં વિવિધ અંગો વચ્ચેનો સંબંધ ઓળખી તે દ્વારા રચાતી પરિસ્થિતિની સમગ્રતાને સમજવી

## અધ્યયન એટલે શું ?

પરિસ્થિતિનાં વિવિધ અંગો વચ્ચેનો સંબંધ ઓળખી આંતરસૂઝ દ્વારા સમસ્યાનો ઉકેલ લાવવો

# આંતરસૂઝ દ્વારા અધ્યયન પર અસર કરતાં પરિબળો



હિલગાર્ડના મતે......

- બુદ્ધિકક્ષા :
- પૂર્વાનુભવો
- પ્રાયોગિક ગોઠવણી
- પ્રયત્ન અને ભૂલ

# આંતરસૂઝ દ્વારા અધ્યયનના લક્ષણો

- વુડવર્થના મતે……
- ઉકેલનો ઝબકારો
- સારું ધારણ
- વધુ સંક્રમણ



# શૈક્ષણિક ફલિતાર્થ

- નવા જ્ઞાનને પૂર્વજ્ઞાન સાથે જોડવું
- પૂર્વજ્ઞાન ચકાસીને શૈક્ષણિક કાર્ય કરવું
- અનુબંધ જોડવો. જેથી જ્ઞાનની સમગ્રતાનો ખ્યાલ બંધાય
- શિક્ષણને જીવનના વાસ્તવિક અનુભવો સાથે જોડવું
- વય અને કક્ષાને અનુરૂપ શિક્ષણ કાર્ય સોંપવું
- શિક્ષણમાં ક્રમિકતા રાખવી
- નાનાં બાળકોને મૂર્ત અને મોટેરાંને અમૂર્ત
- નિરિક્ષનની વધુ તક આપો
- ખંડાંડ પદ્ધતિનો ઉપયોગ
- એકમ આયોજન
- સમસ્યાનો સીધો ઉકેલ ન બતાવો
- જે ઓછું કરે, પણ વધુ કરાવે તે સારો શિક્ષક